દરેક સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખાસ

# કરંટ અફેર્સ

સાંપ્રત બનાવો આધારિત
દર શનિવારે પ્રસિદ્ધ થતું
સાપ્તાહિક મેગેજીન

## 30 To 5 December 2017



તલાટી મંત્રી,
કોન્સ્ટેબલ,
બિન સચિવાલય,
પંચાયત મંત્રી
TET, TAT, HTAT, PSI

Paresh Chavda

EduSafar

## કરંટ અફેર્સ, તારીખ ૩૦/૧૨/૨૦૧૭

## રાષ્ટ્રીય

### લોકસભામાં ત્રણ તલાક વિધેયક પારિત કરવામાં આવ્યું.

લોકસભામાં રજુ કરાયેલ ત્રણ તલાક સંબંધિત મુસ્લિમ મહિલા (વિવાહ અકાર સંરક્ષણ) વિધેયક,૨૦૧૭ ને ધ્વનિમતથી પારિત કરવામાં આવેલ છે.

બીલમાં ત્રણ તલાકને દંડનીય અપરાધ માનવામાં આવેલ છે.

આ અપરાધમાં ત્રણ વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે.

કાનુનમંત્રી તથા ન્યાયમંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું કે સરકારને આ વિધેયક લાવવું પડ્યું કેમ કે સુપ્રીમ કોર્ટ દ્વારા આ અવૈધ જાહેર કરવામાં આવેલ.

પ્રસ્તાવિત કાનુન માત્ર તત્કાલીન ત્રણ તલાક અથવા તલાક-એ બીદ્દત પર લાગુ થશે.

## આંતરરાષ્ટ્રીય

### પ્રિન્સ હેરીને આફ્રિકન કન્ઝર્વેશન ગ્રુપના અધ્યક્ષના રૂપમાં પસંદ કરવામાં આવ્યા.

પ્રિન્સ હેરીને આફ્રિકન પાર્કના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

જે એક સંરક્ષણ સમૂહ છે, જે મહાદ્વિપમાં એક દર્જન વન્યજીવ ક્ષેત્રોનું પ્રબંધન કરે છે.

પર્યાવરણ વિદ સંગઠન અનુસાર પ્રિન્સ હેરી આફ્રિકાની એક પ્રાકૃતિક વિરાસતની રક્ષા તથા વન્ય જીવન અને સમુદાયોને સંરક્ષણ ક્ષેત્રોમાં તેમની આસપાસ રહે છે, તે બંનેને બચાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

### ભારત-માલદીવ સયુંકત અભ્યાસ એક્યુંવરીનનું સમાપન કરવામાં આવ્યું.

બે અઠવાડિયા સુધી ચાલેલ ભારત માલદીવ સયુંકત સૈન્ય અભ્યાસના આઠમા સંસ્કરણમાં એકુવેરીનનું કર્ણાટકના બેલગાવીમાં સમાપન થયું.

માલદીવ ભાષામાં એક્યુંવરીનનો મતલબ થાય છે,દોસ્ત.

દ્વિપક્ષીય વાર્ષિક અભ્યાસ ભારતીય સેના અને માલદીવ રાષ્ટ્રીય રક્ષા બળ વચ્ચે ૧૪ દિવસીય સૈન્ય પ્રશિક્ષણ હતું.

વર્ષ ૨૦૦૯ બાદ ભારત અને માલદીવ વચ્ચે વૈકલ્પિક રૂપથી સૈન્ય અભ્યાસનું આયોજન કરવામાં આવતું હતું.

ભારતીય સેનાના પ્રમુખ તરીકે બીપીન રાવત સેવા આપી રહ્યા છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## રમત-જગત

### એલીસ પેરી આઈ.સી.સી મહિલા ક્રિકેટર ઓફ ધ ઈયર તરીકે પસંદગી પામ્યા.

ઓસ્ટ્રેલીયાના મહિલા ક્રિકેટર પેરીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ દ્વારા વર્ષના સર્વશ્રેષ્ઠ મહિલા ક્રિકેટર તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

તેણીએ આ અવસર પર રાશેલ હેહોઈ ફ્લીન્ટ એવોર્ડ જીતેલ છે.

આઈ.સી.સી. દ્વારા ૨૧ ડીસેમ્બર ૨૦૧૭ ના રોજ ઉપરની જાહેરાત કરવામાં આવેલ.

## અન્ય

દેશના રાષ્ટ્રપતિશ્રીએ ૧૦૦ માં ભારતીય આર્થિક સંઘ સંમેલનનું ઉદ્ઘાટન કર્યું.

દેશના રાષ્ટ્રપતિશ્રીએ આંધ્રપ્રદેશના ગંતુરમાં આચાર્ય નાગાર્જુન વિશ્વવિદ્યાલયમાં ભારતીય આર્થિક સંઘના ૧૦૦ માં વાર્ષિક સંમેલનનું ઉદ્ઘાટન કરેલ છે.

આ સંમેલન ચાર દિવસ માટે આયોજિત કરવામાં આવેલ છે.

હાલના ભારતીય આર્થિક સંઘના પાંચ હજારથી વધારે સદસ્યો છે.

ભારતીય આર્થિક સંઘ (ઇન્ડિયન ઈકોનોમિક એજન્સી ) ની સ્થાપના વર્ષ ૧૯૧૭ માં કરવામાં આવી હતી.

આઈ.ઈ.એ. સંઘના અધ્યક્ષ તરીકે પ્રો.સુખદેવ થોરાટ સેવા આપી રહ્યા છે.

## સમીક્ષા, તારીખ ૩૦/૧૨/૨૦૧૭

### હેનરીટા એચ.ફોર ને યુનિસેફના કાર્યકારી નિર્દેશક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા...

સયુંકત રાષ્ટ્ર પ્રમુખ એન્ટોનિયો ગુટરસે અમેરિકી સરકારની પૂર્વ વરિષ્ઠ અધિકારી હેનરીટા એચ.ફોરને સયુંકત રાષ્ટ્ર બાળકોષના નવા કાર્યકારી નિર્દેશક તરીકે નિયુક્ત કર્યા છે.

તેણી હવેથી એન્થની લેકનું સ્થાન લેશે.

એન્થની લેકનો કાર્યકાળ ૩૧ ડીસેમ્બર ૨૦૧૭ ના રોજ પૂર્ણ થશે.

હેનરીટા એચ.ફોર ૦૧ જન્યુઆરી ૨૦૧૮ ના રોજ યુનિસેફના સાતમાં કાર્યકારી નિર્દેશકનું પદ સંભાળશે.

તેણી સયુંકત રાષ્ટ્રમાં પોતાની નવી ભૂમિકામાં વિશ્વમાં બાળકો તરફથી એક મજબુત અવાજ બનશે.

તેણી આંતરરાષ્ટ્રીય વિકાસ માટે આમેરિકી એજન્સીની પ્રશાશક નિયુક્તિ હોનાર પ્રથમ

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

મહિલા બનેલા.

સયુંકત રાષ્ટ્રબાળ કોશની રચના વર્ષ ૧૯૪૬ માં ૧૧ ડીસેમ્બરના રોજ થયેલ.

## કરંટ અફેર્સ, તારીખ ૩૧/૧૨/૨૦૧૭

### રાષ્ટ્રીય

#### આઈ.ડી.બી.આઈ.બેંકને સરકારે ૨૭૨૯ કરોડ રૂપિયા આપ્યા.

સાર્વજનિક ક્ષેત્રની બેંક આઈ.ડી.બી.આઈ.ને ભારત સરકાર તરફથી ૨૭૨૯ કરોડના રોકાણની રકમ આપેલ છે.

સરકારે ઓક્ટોબર ૨૦૧૭ માં એન.પી.એ.-હીટ સાર્વજનિક ક્ષેત્રોની બેંકોને મજબુત કરવા માટે ૨.૧૧ લાખ કરોડ રૂપિયામાં બે વર્ષની બાબતોને વિસ્તારેલ.

આ મદદમાં ફરીવાર રકમના ભરણા, બજેટીય સમર્થન અને ઈક્વિટી વિલય સામેલ છે.

બી.એસ.ઈ.માં બેંકોનો સ્ટોક ૦.૮૩ ટકા ઘટાડા સાથે ૫૯.૮૫ રૂપિયા પર બંધ રહેલ.

હાલ આઈ.ડી.બી.આઈ.ના પ્રબંધક નિર્દેશક તરીકે મહેશકુમાર જૈન સેવા આપી રહ્યા છે.

આ બેંકનું મુખ્ય કાર્યાલય મહારાષ્ટ્રના મુંબઈ ખાતે આવેલ છે.

આઈ.ડી.બી.આઈ.બેંકનું પુરુનામ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા થાય છે.

### આંતરરાષ્ટ્રીય

#### જોર્જ વેહ લાઈબેરિયાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા.

પૂર્વ ફૂટબોલ સ્ટાર જોર્જ વેહને લાઈબેરિયાના રાષ્ટ્રપતિના રૂપમાં પસંદ કરવામાં આવ્યા છે.

શ્રી વેહના સૌથી નીકટના વિરોધી જોસેફ બોકોઈ હતા.

શ્રી વેહે ૬૦ ટકાથી વધારે મતો સાથે આ ચુંટણી જીતેલ છે.

તેઓ લાઈબેરિયાના પ્રથમ લોકતાંત્રિક હસ્તાંતરણમાં જોર્જ જોનસન સરલીફ. આફ્રિકીના પ્રથમ પસંદ કરાયેલા મહિલા રાષ્ટ્રપતિની જગ્યા લેશે.

લાઈબેરિયાની રાજધાની મોનરોવિયા છે, તેની મુદ્રા લાઈબેરીયન ડોલર છે.

### રમત-જગત

#### વિશ્વનાથ આનંદ બીજીવાર વર્લ્ડ રેપીડ ચેસ ચેમ્પિયન બન્યા.

તાજેતરમાં યોજાયેલી વર્લ્ડ રેપીડ ચેમ્પિયનશીપમાં વિશ્વનાથ આનંદ દ્વારા આ ટુર્નામેન્ટમાં ૧૭ મેચ રમવામાં આવેલ.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

તેમાંથી ૭ મેચમાં જીત મેળવેલ, અને ૧૦ મેચ ડ્રો રહી હતી.

ભારતીય ખેલાડીએ આ જીત ૩૦૦૩ બાદ ફરી આ ટાઈટલ જીતેલ છે.

આ ટાઈટલ વિશ્વનાથ આનંદનું છઠ્ઠું વર્લ્ડ ટાઈટલ છે.

## અન્ય

### નિર્મલા સીતારમણે મેંગલોરમાં સ્ટાર્ટ-અપ ઈક્યુબેશન સેન્ટરનો શુભારંભ કર્યો.

નિર્મલા સીતારમણે કર્ણાટકના મેંગલોર ખાતે સેન્ટર ફોર એન્ટરપ્રેનીયોર શીપ ઓપોર્ચ્યુનિટનેસ એન્ડ લર્નિંગ (સી.ઈ.ઓ.એલ.) નામની એક સ્ટાર્ટ-અપ સેન્ટરનો શુભારંભ કરેલ છે.

તેણીએ સી.ઈ.ઓ.એલ.ના વિકાસ માટે પોતાના મેમ્બર ઓફ પાર્લામેન્ટસ લોકલ એરિયા ડેવલપમેન્ટ યોજનામાંથી ૧.૫ કરોડ રૂપિયા તેના માટે ફાળવેલ છે.

તેઓ રાજ્યસભામાં એક સંસદ તરીકે કર્ણાટકનું પ્રતિનિધિત્વ કરે છે.

ભારતના સંરક્ષણ મંત્રી તરીકેની સેવા હાલ નિર્મલા સીતારમણ આપી રહ્યા છે.

## સમીક્ષા, તારીખ ૩૧/૧૨/૨૦૧૭

### ઈન્ડિયન હિસ્ટ્રી કોંગ્રેસના ૭૮ માં સત્રનું આયોજન કોલકાતામાં થશે.

ઈન્ડિયન હિસ્ટ્રી કોંગ્રેસના સત્રનું આયોજન ત્રણ દિવસ માટે કોલકાતા ખાતે થશે.

ધ ઈન્ડિયન હિસ્ટ્રી કોંગ્રેસના આ વખતે છ ખંડ હતા, તેમાં પ્રાચીન ભારત, મધ્યકાલીન ભારત, આધુનિક ભારત, આ ઉપરાંત અન્ય દેશ, પુરાતત્વ અને સમકાલીન ભારતનો સમાવેશ થાય છે.

આ આયોજનનો ઉદ્દેશ્ય ભારતીય ઈતિહાસને જીવંત રાખવા માટે કરવામાં આવેલ છે.

આ ઉપરાંત વૈજ્ઞાનિક પ્રસાર-પ્રચારને પ્રોત્સાહન આપવામાં માટે પણ તેનું આયોજન થાય છે.

હાલ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે કેસરીનાથ ત્રિપાઠી સેવા આપી રહ્યા છે.

જયારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તરીકે મમતા બેનર્જી સેવા આપી રહ્યા છે.

## કરંટ અફેર્સ, તારીખ ૧/૧/૨૦૧૮

### બેંક ઓફ ઈન્ડિયાને સરકાર પાસેથી ૨૨૫૭ કરોડ રૂપિયા પ્રાપ્ત થયા.

રાજ્ય દ્વારા સંચાલિત બેંક ઓફ ઈન્ડિયાને સરકારે ૨૨૫૭ કરોડ રૂપિયા આપેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ રકમ તેમને સામાન્ય ઈક્વિટી ટીયર-૧ કેપિટલના રૂપમાં પ્રાપ્ત થયા છે.

સરકાર દ્વારા એન.પી.એ.-પ્રભાવિત સાર્વજનિક ક્ષેત્રના બેંકોને મજબુત કરવા માટે ૨.૧૧ લાખ કરોડ રૂપિયા બે વર્ષના રોડ મેપ માટે ચૂકવાશે.

ભારતમાં બેંક ઓફ ઈન્ડિયાની સ્થાપના ૭ સપ્ટેમ્બર ૧૯૦૬ ના રોજ થઈ હતી.

હાલમાં બેંક ઓફ ઈન્ડિયાના પ્રબંધક નિર્દેશક તરીકે દીનબંધુ મહાપાત્રા સેવા આપી રહ્યા છે.

## જી.એ.આઈ.એલ. સંસ્થાએ (ગેલ) પ્રધાનમંત્રી ઉર્જા ગંગા માટે મોટો કોન્ટ્રકટ આપ્યો.

ગેલ ઈન્ડિયાએ પોતાના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ પ્રધાનમંત્રી ઉર્જા ગંગા પ્રાકૃતિક ગેસ પાઈપલાઈન પરિયોજનાની એક વધુ ૪૦૦ કિમી લાંબી પાઈપલાઈનનો ઓર્ડર આપેલ છે.

આ પાઈપલાઈન પૂર્વ ભારતમાં બળતણને પહોંચાડશે.

હાલ ગેલ સંસ્થાના અધ્યક્ષ અને પ્રબંધ નિર્દેશક તરીકે બીસી ત્રિપાઠી સેવા આપી રહ્યા છે.

ગેલનું કોર્પોરેટ કાર્યાલય નવી દિલ્હીમાં આવેલ છે.

# આંતરરાષ્ટ્રીય

## ભારત પ્રજાસતાક દિવસ 2018 ના પર્વ પર 10 આસિયાન નેતાઓની મેજબાની કરશે

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ  મોદીના કહેવા અનુસાર વર્ષ ૨૦૧૮ માં પ્રજાસતાક પર્વ યાદગાર રૂપે ઉજવાશે.

કારણ કે ભારતમાં પ્રથમવાર ૧૦ આસિયાન દેશોના નેતાઓ હાજર રહેશે.

આપણા દેશમાં દર વર્ષે ૨૬ મી જાન્યુઆરીના રોજ એક મહાનુભાવ અતિથી તરીકે આવતા હોય છે.

આસિયાનનું પુરુનામ (એસોસીએશન ઓફ સાઉથ ઈસ્ટ એશિયાઈ રાષ્ટ્રો) થાય છે.

# રમત-જગત

## અનુભવી ખેલ પ્રસાશક અશોક મટ્ટુનું અવસાન થયું.

રાષ્ટ્રીય મુક્કેબાજી અને હોકી મહાસંઘોના અલગ-અલગ સમય પર અધ્યક્ષ રહેલા અનુભવી ખેલ પ્રસાશક અશોક કુમાર મટ્ટુનું અવસાન થયું.

તેઓ ૭૫ વર્ષની વયના હતા. તેનું અવસાન લાંબી બીમારી બાદ થયેલ છે.

ભારતીય ખેલ જગતના સન્માનિત વ્યક્તિ મટ્ટુ ૧૬ વર્ષ સુધી આઈ.એ.બી.એફ. ના

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

અધ્યક્ષ રહ્યા હતા.

**અન્ય**

**વિકાસ સમિતિ યાત્રા : નીતીશ કુમારે ૭૦૦ કરોડ રૂપિયાની પરિયોજનાનો પાયો નાંખ્યો.**

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે પોતાની રાજ્ય વ્યાપી વિકાસ સમિતિ યાત્રાના હિસ્સાના રૂપમાં નાલંદા જીલ્લામાં ૭૦૦ કરોડ રૂપિયાની ૧૦૦ થી વધારે પરિયોજનાનો શુભારંભ કરેલ છે.

એકાનગરસરાય બ્લોકમાં ચમેરા ગામમાં શ્રી કુમારે સાર્વજનિક રૂપથી 132 પરિયોજના માટે ૯૭.૬૩ કરોડ રૂપિયા, તેમની ૧૧૪ માટે ૬૯૮.૬૫ કરોડ રૂપિયા સમર્પિત કરેલ છે.

હાલ બિહારના રાજ્યપાલ તરીકે સત્યપાલ મલિક સેવા આપી રહ્યા છે.

બિહાર રાજ્યમાં સૌથી ઓછો સાક્ષરતા દર જોવા મળે છે.

## સમીક્ષા, તારીખ ૧/૧/૨૦૧૮

**સુમિત્રા મિશ્રા પ્રધાનમંત્રીની આર્થિક સલાહકાર પરિષદમાં સયુંકત સચિવ તરીકે નિયુક્તિ પામ્યા...**

વરિષ્ઠ આઈ.એ.એસ. સુમિત્રા મિશ્રાને હાલમાં પ્રધાનમંત્રીના આર્થિક સલાહકાર પરિષદના પી.એમ.ઈ.એ.સી.માં સયુંકત સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

મંત્રાલયના આદેશ અનુસાર હરિયાણા કેડરના ૧૯૯૦ ની બેચના આઈ.એ.એસ. અધિકારી સુમિત્રાને પાંચ વર્ષ માટે આ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા છે.

એક વાત એ પણ ધ્યાન પર રાખીએ કે પ્રધાનમંત્રી આર્થિક સમિતિની રચના સપ્ટેમ્બરમાં કરવામાં આવેલ.

તેમના સિવાય પાંચ આઈ.એ.એસ.અધિકારીઓ સહીત ૧૦ અધિકારીઓને વિભિન્ન કેન્દ્રીય વિભાગોમાં સયુંકત સચિવ વાનાવાયા છે.

નાગાલેંડ કેડરના વર્ષ ૧૯૯૩ ની બેન્ચના આઈ.એ.એસ.અધિકારી અમરદીપ ભાટિયાને કોર્પોરેટ મંત્રાલયના આધીન આવનાર ગંભીર છેતરપીંડી તપાસ કાર્યાલયના નિર્દેશક બનાવાયા છે.

આઈ.એ.એસ.અધિકારી મુખમિત સિંહ ભાટિયાને આર્થિક બાબતોના વિભાગના અંતર્ગત આવનાર ૧૫ નાણા વિભાગના સયુંકત સચિવ તરીકે કામ સોંપવામાં આવશે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

# કરંટ અફેર્સ, તારીખ ૩/૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### વયોવૃદ્ધ કવિ અનવર જલાલપુરીનું અવસાન થયું.

પ્રસિદ્ધ કવિ અનવર જલાલપુરી અનવરનું લખનઉ માં ૭૧ વર્ષની વયે અવસાન થયેલ છે.

તેઓ બ્રેઈન સ્ટ્રોક ગ્રસ્ત હતા, તેઓને ભાગવદ ગીતાના શ્લોકોને ઉર્દુમાં અનુવાદ કરવા માટે વધારે ખ્યાતિપ્રાપ્ત માનવામાં આવે છે.

અનવર જલાલપૂરી યશભરતી એવોર્ડ મેળવનાર કવિ હતા.

### પંકજ જૈને આઈ.આઈ.એફ.સી.એલ.ના પ્રબંધક નિર્દેશકના રૂપમાં પદભાર ગ્રહણ કર્યો.

નાણાકીય સેવા વિભાગ (ડી.એસ.એફ.) માં સયુંકત સચિવ પંકજ જૈને ઇન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઇનાન્સ કંપની લિમીટેડ પ્રબંધક નિર્દેશક તરીકે આરૂઢ થયા છે.

ડી.એસ.એફ.ના પદ સાથે તેઓ આઈ.આઈ.એફ.સી.એલ.નો પદભાર પણ સંભાળશે.

આઈ.આઈ.એફ.સી.એલ. એક સરકારી માલિકી વાળી કંપની છે, જે બુનિયાદી પરીપેક્ષ અને નાણાકીય જોગવાઈ તથા વિકાસ પર કેન્દ્રીત છે.

આઈ.આઈ.એફ.સી.એલ. ૨૦૦૬ માં સ્થાપિત એક પૂર્ણ સ્વામિત્વ વાળી ભારત સરકારની કંપની છે.

સપ્ટેમ્બર ૨૦૧૩ માં આઈ.આઈ.એફ.સી.એલ.ને એન.બી.એફ.સી.-એન.ડી.-આઈ.એફ.સી. ના રૂપમાં નોંધવામાં આવેલ.

## આંતરરષ્ટ્રીય

### સઉદી અરબ અને સયુંકત અરબ અમીરાત (યુ.એ.ઈ.) એ મુલ્ય વર્ધિત કર (વેટ) ની શરૂઆત કરી.

આ ખાડીમાં આ બંને દેશો પ્રથમ છે, કે જેણે આ પ્રણાલી શરુ કરી હોય.

વધારે તો સમાન અને સેવાઓ પર પાંચ ટકા વેંચાણ વેરો લગાવવામાં આવેલ છે.

### ચીન દેશે સમુદ્રની અંદર દેખરેખ રાખવા માટે એક પ્રણાલી વિકસિત કરી.

ચીન દેશે લક્ષ્યો પર બારીક નઝર રાખવા માટે પોતાની સામુદ્રી સુરક્ષા માટે પાણીની અંદર એક દેખરેખ તંત્ર રાખવામાં આવેલ છે.

આ તંત્રના માધ્યમથી હિન્દ મહાસાગર સહીત સામુદ્રી સીલ્ક માર્ગ પર રાષ્ટ્રીય હિતોની જાળવણી કરી શકાશે.

Google Play Store પર જઇ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

ચીનને વિવાદિત દક્ષિણ ચીન સાગર અને હિન્દ મહાસાગરમાં પ્રધ્યોગિકી તરફથી ગુપ્ત સુચના ગ્રહણ કરવામાં મદદ મળશે.

આ સમયે હિંદ મહાસાગર અને દક્ષિણ ચીન સાગરમાં ભારતનો દબદબો છે.

## રમત –જગત

### ભારતીય ગોલ્ફર શિવ કપૂરે પટાયામાં રોયલ કપ જીત્યો.

ભારતીય ગોલ્ફર શિવ કપૂરે પટાયામાં રોયલ કપ જીતેલ છે.

આ ખિતાબ તેમનો વર્ષ ૨૦૧૭ ના વર્ષનો ત્રીજો એશિયાઈ ટુર ખિતાબ છે.

૩૫ વર્ષીય શિવ કપૂરે એપ્રિલ ૨૦૧૭ માં લગભગ ૧૧ વર્ષોમાં ફક્ત એક જીત મેળવી હતી.

હવે છેલ્લા આઠ મહિનામાં તેણે લગાતાર ત્રીજી જીત મેળવી છે.

આ નવી જીત કપૂરની ચોથી એશિયાઈ ટુર જીત છે, તથા  છઠ્ઠી આંતરરાષ્ટ્રીય ખિતાબની જીત છે.

ડીસેમ્બર ૨૦૦૫ માં શિવ કપૂરે પોતાની પ્રથમ સિઝનમાં પહેલી એશિયાઈ ટુર ખિતાબ જીતેલ.

## અન્ય

### વિજય કેશવ ગોખલે હશે, ભારતના નવા વિદેશ સચિવ.

વરિષ્ઠ રાજ નાયિક વિજય કેશવ ગોખલેને ભારતના વિદેશ સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ નિયુક્તિ બાદ તેઓ એસ. જયશંકરનું સ્થાન લેશે.

શ્રી ગોખલેએ ચીન, જર્મનીમાં ભારતીય રાજદૂત અને મલેશિયામાં ભારતીય ઉચ્ચાયુક્તના રૂપમાં કાર્ય કરેલ છે.

તેઓ વિદેશ મંત્રાલયમાં વર્તમાન સચિવ છે.

# સમીક્ષા, તારીખ ૩/૧/૨૦૧૮

### અસમમાં રાષ્ટ્રીય નાગરિક રજીસ્ટરનો પ્રથમ ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો...

રાષ્ટ્રીય નાગરિક રજીસ્ટર( એન.આર.સી.) નો પ્રથમ ડ્રાફ્ટ જાહેર કરવામાં આવેલ છે.

આમાં સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર અસમના ૧૯ મીલીયન લોકોને કાનૂની સ્વરૂપથી

ભારતના નાગરિક માનવામાં આવ્યા છે.

ભારતના રજીસ્ટાર જનરલ શૈલેશે દસ્તાવેજ જાહેર કરેલ છે.

પ્રથમ ડ્રાફ્ટમાં રાજ્યના કાનૂની ભારતીય નાગરિકોના રૂપમાં ૩૨.૯ મીલીયન આવેદનકારોમાંથી ૧૯ મીલીયન લોકોને સુચિ બદ્ધ કરવામાં આવ્યા છે.

એન.આર.સી. છેલ્લે વર્ષ ૧૯૫૧ માં અસમમાં અપડેટ થયેલ.

દેશમાં અસમ એકમાત્ર રાજ્ય છે, જેમાં એન. આર.સી. અમલમાં છે.

## કરંટ અફેર્સ, તારીખ ૪/૧/૨૦૧૮

### કર્ણાટકમાં આયોજિત થશે, દેશનો સૌથી મોટો બી.ટુ.બી. યાત્રા કાર્યક્રમ.

કર્ણાટક સરકારે જાહેરાત કરી છે, કે કર્ણાટક ઇન્ટરનેશલ ટ્રાવેલ એક્સ્પો (કે.આઈ.ટી.ઈ.) નું ૨૮ ફેબ્રુઆરીથી આયોજન કરાશે.

આ આયોજનને દેશના સૌથી મોટા બી.ટુ.બી. યાત્રા કાર્યક્રમના રૂપમાં રજુ કરવામાં આવશે.

ત્રણ દિવસના આયોજનમાં ૨૫ દેશોના લગભગ ૪૦૦ પ્રતિનિધી ભાગ લેશે.

આનો ઉદેશ્ય કર્ણાટક સરકારને વૈશ્વિક રૂપથી પરિચિત બનવાનો છે.

### તામીલનાડુમાં શરુ થયો, ૧૭૧ મો અરાધનાઈ સંગીત સમરોહ.

૧૭૧ મો અરાધનાઈ સંગીત સમારોહનો શુભારંભ તમિલનાડુના થીરુવૈયારુંમાં શરુ કરવામાં આવેલ છે.

આ સમારોહનું ઉદ્ઘાટન રાજ્યપાલ બનવારીલાલ પુરોહિત દ્વારા કરવામાં આવેલ.

સમારોહનું મુખ્ય કાર્ય ઘાના રાગોમાં ત્યાગરાજની પાંચ કૃતિઓનું કોરલ ગાયન છે.

વિશ્વના ૧૦૦૦ થી વધારે સંગીતકારો વડે આ પાંચ દિવસીય સમારોહ દરમિયાન સંત ત્યાગરાજને શ્રદ્ધાંજલિ અર્પિત કરાશે.

તમિલનાડુના મુખ્યમંત્રી ઇડાપ્પડી કે.પલાનીસ્વામી છે.

## આંતરરાષ્ટ્રીય

### પાકિસ્તાન સ્ટેટ બેંકે દ્વિપક્ષીય વ્યાપાર અને રોકાણની ગતિવિધિઓ માટે ચીની મુદ્રા યુઆનનો ઉપયોગ કરવાની અનુમતિ આપી.

પાકિસ્તાન દેશે પોતાના વ્યાપારિક વ્યવહાર માટે ચીન દેશની મુદ્રા યુઆન

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

વાપરવાની મંજુરી આપેલ છે.

પાકિસ્તાન દેશ અનુસાર પાકિસ્તાન અને ચીનના સાર્વજનિક અને ખાનગી બંને ક્ષેત્રના વિદેશ મંત્રાલય વચ્ચે દ્વિપક્ષીય વ્યાપાર અને રોકાણ ગતિવિધિઓ માટે યુઆનના ચલણ માટે સ્વતંત્ર છે.

હાલના વિદેશી મુદ્રા નિયમો અનુસાર ચીની યુઆન પાકિસ્તાન દેશમાં વિદેશી મુદ્રા લેણદેણને નીપટાવવા એક સ્વીકૃત વિદેશી મુદ્રા છે.

## રમત-જગત

### જી. સાથિયાન બન્યા આઈ.ટી.ટી.એફ. રૈકિંગમાં ટોચના ભારતીય ખેલાડી.

જી. સાથિયાન આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ મહાસંઘની તાજેતરની રૈકિંગમાં દિગ્ગજ શરત કમલને પછાડીને ટોચના ભારતીય ખેલાડી બન્યા છે.

સાથિયાન નવી રૈકિંગમાં વિશ્વમાં ૪૯ માં સ્થાન પર છે.

જયારે કમલ તેનાથી બે અંકો પાછળ ૫૧ માં સ્થાન પર છે.

મહિલાઓના વર્ગમાં મનીકા બત્રા રૈકિંગમાં ટોચના ભારતીય મહિલા ખેલાડી છે, તેઓ ૬૨ માં સ્થાને છે.

આઈ.ટી.ટી.એફ.ના અધ્યક્ષ તરીકે હાલમાં જર્મનીના થોમસ વિકર્ટ સેવા આપી રહ્યા છે.

## અન્ય

### ડેબીટ કાર્ડથી લેણદેણ પર કોઈ ચાર્જ લેવામાં નહિ આવે.

ગ્રાહકોને ડેબીટ કાર્ડ, ભીમ એપ અને અન્ય માધ્યમોથી ૨૦૦૦ રૂપિયા સુધીના વ્યવહાર માટે કોઈ લેવડ-દેવડ ચાર્જ આપવો પડશે નહિ.

કેન્દ્રીય મંત્રીમંડળે હાલમાં એક પ્રસ્તાવને મંજુરી આપી દીધી છે કે ડીઝીટલ પેમેન્ટની ગતિને વેગ આપવા માટે સરકારે ડેબીટ કાર્ડ, તથા ભીમ એપ દ્વારા ૨૦૦૦ રૂપિયા સુધી ડીજીટલ લેણદેણ પર થનાર એમ.ડી.આર.નું ખર્ચ ખુદ ઉઠાવશે.

સરકાર બે વર્ષ સુધી એમ.ડી.આર.નું વહન કરશે.

જે ૧ જાન્યુઆરી ૨૦૧૮ થી લાગુ કરી દેવામાં આવેલ છે.

આની ચુકવણી બેંકોને કરવામાં આવશે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

# સમીક્ષા, તારીખ ૪/૧/૨૦૧૮

## સયુંકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં છ રાષ્ટ્રો સામેલ.

ઈક્વેટોરિયલ ગીની, કુવૈત, પેરુ, આઈવરી કોસ્ટ, નેધરલેંડ અને પોલેંડ ઔપચારિક રૂપથી બદલાવ માટે સયુંકત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં અસ્થાયી સદસ્ય તરીકે સામેલ થયા છે.

સયુંકત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં ૧૫ સદસ્યોની સમિતિ હોય છે.

આ સમિતિમાં પાંચ સદસ્ય કે જે વીટો પાવર ધરાવે છે, તેવા ચીન, બ્રિટન, ફ્રાંસ, રશિયા અને અમેરિકા છે.

હાલમાં સયુંકત રાષ્ટ્રની સુરક્ષા પરિષદ છોડનાર દેશોમાં મિસર, ઈટાલી, જાપાન, સેનેગલ, ઉરુગ્વે અને યુક્રેન છે.

આ સમિતિ વૈશ્વિક લેવલ પર સુરક્ષાના પ્રશ્નો પર કાર્ય કરે છે.

સયુંકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે ૧૭ જાન્યુઆરી ૧૯૪૬ ના રોજ લંડનમાં પોતાનું પહેલુ સત્ર આયોજિત કરેલ.

# કરંટ અફેર્સ, તારીખ ૫/૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### એન.એમ.જી.સી.એ નમામિ ગંગે કાર્યક્રમ માટે ૨૯૫ કરોડ રૂપિયાની મંજુરી આપી.

રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન દ્વારા ૨૯૫.૦૧ કરોડ રૂપિયાની મંજુરી પાંચ પરિયોજના માટે આપી દેવામાં આવી છે.

તેમાં ત્રણ પરિયોજનામાં એક સીવેજ પ્રબંધન ક્ષેત્રમાં એક અનુમોદિત પરિયોજના પણ સામેલ છે.

પશ્ચિમ બંગાળમાં ૨૭૮.૬ કરોડ રૂપિયાની અનુમાનિત ખર્ચ સંબંધિત છે.

એક ૪.૬૮ કરોડ રૂપિયાની અનુમાનિત ખર્ચ પર ઉતરાખંડમાં શરુ કરાશે.

એક પરિયોજના ૧૧.૭૩ કરોડ રૂપિયાની ઉત્તર પ્રદેશના વારાણસીમાં ઘાટ સુધાર કાર્ય માટે શરુ કરવામાં આવશે.

જળ સંસાધન અને ગંગા કાયાકલ્પ મંત્રી તરીકે નીતિન ગડકરી સેવા આપી રહ્યા છે.

### નાબાર્ડે ઓડીસા માટે ૩૭૨.૫૧ કરોડ રૂપિયા મંજુર કર્યા.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

નાબાર્ડે આ નાણાકીય વર્ષની અંતિમ સમય રેખામાં ઓડીસા માટે સિંચાઈ અને ગ્રામીણ બુનિયાદી ઢાંચાને વિકાસ નિધિ અંતર્ગત ૩૭૨.૫૧ કરોડ રૂપિયાની સહાયતા મંજુર કરાઈ છે.

નાબાર્ડે બીજ સેતુ યોજના અંતર્ગત ૧૪ ગ્રામીણ પુલ પરિયોજનાઓને ૨૪૨ .૩૪ કરોડ રૂપિયાની આર.આઈ.ડી.એફ. ઋણ સહાયતાને મંજુરી આપાયેલ છે.

નાબાર્ડનું પુરુનામ નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ થાય છે.

નાબાર્ડ સંસ્થાની સ્થાપના વર્ષ ૧૯૮૨ માં ૧૨ જુલાઈના રોજ થયેલ.

નાબાર્ડનું મુખ્ય મથક મુંબઈ ખાતે આવેલ છે, તથા તેના અધ્યક્ષ તરીકે હર્ષ કુમાર ભંવલા સેવા આપી રહ્યા છે.

## આંતરરાષ્ટ્રીય

### ભારત-મ્યાનમાર સરહદ પર આવાજાહી સાથે જોડાયેલા સમજુતી કરારને મંજુરી આપવામાં આવી.

ભારત અને મ્યાનમાર વચ્ચે સરહદ પાર કરવાથી લઈને એક સમજુતી કરાર પર કેન્દ્રીય કેબીનેટ દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે.

આ સમજુતી બંને દેશના લોકો માટે હાલના સ્વતંત્ર આંદોલનના અધિકારોના વિનિમય અને અનુકુલીકરણને સુગમ બનાવશે.

આ મંજુરી માન્ય પાસપોર્ટ અને વિઝાના આધાર પર લોકોની આવાજાહીને સુવિધા જનક બનાવવામાં સહાયતા પ્રદાન કરશે.

જેનાથી બંને દેશો વચ્ચે આર્થિક અને સામાજિક સંપર્ક વધશે.

આ સમજુતી ભારત-મ્યાનમાર સરહદમાં લોકોના આવાગમન માટે એક સક્ષમ વ્યવસ્થા છે.

મ્યાનમારના પ્રધાનમંત્રી આંગ સાન સુ કી છે.તેની રાજધાની નાયેપ્યીડો છે.

## રમત-જગત

### ઓસ્ટ્રેલિયાની વન-ડે ટીમમાંથી મેક્સવેલ,વેડની બાદબાકી કરવામાં આવી.

ઈંગ્લેન્ડ સામે પાંચ મેચોની વન-ડે શ્રેણી માટે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ટીમની જાહેરાત કરી છે.

આ ટીમમાંથી ગ્લેન મેક્સવેલ અને વિકેટકિપર અને બેટ્સમેન મેથ્યુ વેડની બાદબાકી કરવામાં આવી છે.

આ ટીમમાં ક્રીસ લાયન અને ટીમ પેયીનીનો સમાવેશ કરવામાં આવેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## અન્ય

**રાજીન્દર ખન્નાને ઉપ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા.**

રાજીન્દર ખન્નાને ઉપ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એન.એસ.એ.) નિયુક્ત કરવામાં આવ્યા છે.

દેશની વિદેશી ખાનગી તપાસ એજન્સી રીસર્સ એન એનાલીસીસ વિંગ (રો) ના તેઓ પમુખ હતા.

તેમણે બે વર્ષ સુધી 'રો' સંસ્થાની અધ્યક્ષતા કરેલ.

રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના અધ્યક્ષ તરીકે પ્રધાનમંત્રી સેવા આપતા હોય છે.

## સમીક્ષા, તારીખ ૫/૧/૨૦૧૮

**દેશની સૌથી લાંબી જોજીલા સુરંગને મંજુરી આપવામાં આવી.**

કેન્દ્ર સરકારે ૩ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ શ્રીનગરથી લેહના દુર્ગમ સડક માર્ગને આસન બનાવવા માટે રણ નીતિક જોજીલા સુરંગને મંજુરી આપી દેવામાં આવી છે.

દેશના પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબીનેટ સમિતિએ ઉપર્યુક્ત પરિયોજનાને મંજુરી આપી દેવામાં આવી છે.

આ યોજનાથી ના સિર્ફ રણનીતિક તેની સાથે ટુરીઝમના લેવલ પર મદદ મળશે.

જોજીલા સુરંગ પરિયોજના માટે સૌથી ઓછી બોલી બનનાર પેઢીના રૂપે ઉભરેલ છે.

જોજીલા સુરંગ એન.એચ-૧ એ. પર ૯૫ કિલોમીટર અને ૧૧૮ કિમી.ના પથ્થરને જોડી બંને વચ્ચેનું અંતર ઘટાડી શકાશે.

સાત વર્ષમાં પૂરી થનાર ૧૪.૫ કિમી. લાંબી આ સુરંગના નિર્માણ પર ૬૮૦૯કરોડ રૂપિયાના ખર્ચનું અનુમાન છે.

આ સુરંગ સમુદ્ર તળથી ૧૧,૫૭૮ ફૂટની ઉંચાઈ પર છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

**નમસ્કાર મિત્રો,**

એજ્યુસફરની કરંટ અફેર્સની સફરનો લાભ લઈ રહ્યા છો,

આ કરંટ અફેર્સના **ગુજરાતી વિડીયો** પણ યુટ્યુબ પર છે, જેમાં અગત્યના મુદ્દા અને સાથે **અન્ય જીકે** પણ સમાવવાનો પ્રયાસ **પરેશભાઈ ચાવડા** દ્વારા કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત ઘણા વિડીયો એજ્યુસફરના યુટ્યુબ પર છે. જે આપને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખુબ જરૂરી છે. આ વિડીયો જોવા માટે આપે યુટ્યુબ પર જઈ, એજ્યુસફર (EduSafar) સર્ચ કરી ચેનલ પર જશો. હા જો એજ્યુસફર ચેનલ હજુ **સબસ્ક્રાઈબ** ન કરી હોય તો કરી લેશો, જેથી આપને આમારા નવા વિડીયોની જાણ પણ થતી રહેશે.

આ ફાઈલ આપને ઉપયોગી થાય તેવા હેતુથી બની છે, તો **તમારા મિત્રોને પણ આ ફાઈલ પહોચતી કરશો.** પ્રિન્ટ કરી ને પણ વાંચી શકો, ઝેરોક્ષ કરી ને પણ ઉપયોગમાં લઇ શકો.

આ માટે આપના દરેક સૂચનો આવકાર્ય છે.

આપ જેતે પરીક્ષામાં સફળ થાવ તેવી શુભેચ્છા.

**એજ્યુસફર પરિવાર**

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

# GK અને JOB માટે બેસ્ટ એન્ડ્રોઈડ App

Google Play Store પર જઈ, EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો. **અથવા**




આ માટે નીચે આપેલ લીંક પરથી ડાઉનલોડ કરી લેશો.
www.edusafar.com

કરંટ અફેર્સ વિડીયો,
બંધારણ વિડીયો,
ગુજરાતી વ્યાકરણ,
ઈંગ્લીશ ગ્રામર,
રીજીનીંગ (તાર્કિક) વિડીયો,
ધોરણ ૧૦ ગણિતના વિડીયો

સ્પર્ધાત્મક પરીક્ષા માટે YouTube પર જઈ, EduSafar લખી, સર્ચ કરી, ફ્રી વિડીયોનો લાભ લો.

**EduSafar**